RAJASTHAN PATRIKA, Surat, 5.4.2025
Page No. 4, Size:(14.43)cms X (6.87)cms.

मुंबई-अहमदाबाद हाई स्पीड रेल कॉरिडोर के लिए 14वां नदी पुल हुआ तैयार

# बुलेट ट्रेन: किम नदी पर पुल का निर्माण कार्य पूर्ण

**सूरत @ पत्रिका.** बुलेट ट्रेन परियोजना के लिए गुजरात के सूरत जिले में किम नदी पर पुल का निर्माण 15 मार्च को पूरा हो गया है। यह गुजरात में परियोजना के लिए पूरा किया गया 14वां नदी पुल है। गुजरात के हिस्से में 21 नदी पुल बनाए जाएंगे। नेशनल हाई स्पीड रेल कॉरिडोर के अधिकारियों ने बताया कि किम नदी के पुल की लंबाई 120 मीटर हैं। इसमें 40 मीटर के 3 फुल स्पैन गर्डर हैं। यह पुल सूरत और भरूच बुलेट ट्रेन स्टेशन के बीच में स्थित है। दोनों स्टेशनों के बीच अन्य नदी पुल तापी नदी और नर्मदा नदी पर हैं जो निर्माणाधीन हैं। गुजरात में बुलेट ट्रेन कॉरिडोर पर 14 नदी पुल पूर्ण किए जा चुके हैं। इनमें नवसारी जिले में पूर्णा, मिंधोला, अंबिका, वेंगनिया, कावेरी, खरेरा, वलसाड जिले में पार, औरंगा, कोलक, खेड़ा जिले में मोहर, वात्रक, मेशवा और वडोदरा जिले में धाधर नदी पर पुल बनकर तैयार हो गए हैं।



NHSRCL
National High Speed Rail Corporation Ltd.

RAJASTHAN PATRIKA, Ahmedabad, 6.4.2025
Page No. 05, Size:(5.99)cms X (8.03)cms.

# मुंबई-अहमदाबाद बुलेट ट्रेन कॉरिडोर : किम नदी पर पुल का निर्माण पूरा



**अहमदाबाद @ पत्रिका.** मुंबई-अहमदाबाद बुलेट ट्रेन कॉरिडोर के तहत सूरत जिले में किम नदी पर पुल का निर्माण पूरा किया गया। यह पुल सूरत और भरूच बुलेट ट्रेन स्टेशन के बीच में स्थित है। यह नदी दोनों बुलेट ट्रेन स्टेशनों से लगभग 30 किलोमीटर दूर है।

इन दो स्टेशनों के बीच अन्य नदी पुल तापी नदी और नर्मदा नदी पर हैं जो निर्माणाधीन हैं। किम नदी सूरत और भरूच बुलेट ट्रेन स्टेशन दोनों से लगभग 30 किलोमीटर दूर है। गत कुछ दिनों पहले निर्मित किया गया यह पुल गुजरात में इस प्रोजेक्ट परियोजना के लिए पूरा किया गया 14वां नदी पुल है। गुजरात हिस्से में कुल 21 नदी पुल बनाए जाएंगे। इस पुल की लंबाई 120 मीटर है वहीं 40 मीटर के 3 फुल स्पैन गर्डर हैं।

पियर की ऊंचाई 12 मीटर से 15 मीटर तक है। 4 मीटर व्यास के 4 गोलाकार पीयर हैं।दोनों स्टेशनों के बीच अन्य नदी पुल तापी नदी और नर्मदा नदी पर हैं जो निर्माणाधीन हैं। गुजरात में बुलेट ट्रेन कॉरिडोर पर अन्य पूर्ण किए गए नदी के 13 पुल हैं। इनमें पार, औरंगा, कोलक (वलसाड जिला), पूर्णा, मिंधोला, अंबिका, वेंगनिया, खरेरा, कावेरी (नवसारी जिला), मोहर, वात्रक, मेशवा (खेड़ा जिला), धाधर (वडोदरा जिला) शामिल हैं।

GUJARAT MITRA, Surat, 5.4.2025
Page No. 5, Size:(6.87)cms X (10.99)cms.

**Work on bridge over Kim River on Mumbai-Ahmedabad Bullet Train route completed**

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન રૂટ પરના કિમ નદી પરના પુલનું કાર્ય પૂર્ણ થયું

## ગુજરાતના રૂટ પરનો કિમ નદીનો પુલ 14મો, 120 મીટરની લંબાઈમાં 40 મીટરના 3 સંપૂર્ણ સ્પાન ગર્ડર

સુરતઃ રાજ્યમાં મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનનું કામ જોરશોરમાં ચાલી રહ્યું છે. ત્યારે સુરત જિલ્લાની કિમ નદી પરના નદી પુલનું કાર્ય પૂર્ણ થયું છે. આ પ્રોજેક્ટ માટે પૂર્ણ થયેલો આ 14મો નદી પુલ છે. તેમજ ગુજરાતના ભાગમાં કુલ 21 નદી પુલોનું નિર્માણ કરવામાં આવશે.

કિમ નદીના પુલની લંબાઈ 120 મીટર છે. જેમાં 40 મીટરના 3 સંપૂર્ણ સ્પાન ગર્ડર મૂકવામાં આવ્યા છે. તેમજ અલગ-અલગ થાંભલાની ઊંચાઈ 12 મીટરથી 15 મીટર સુધીની છે. જેમાં 4 મીટર વ્યાસના 4 ગોળાકાર થાંભલા પણ મૂકવામાં આવ્યા છે. આ પુલ સુરત અને ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશનની વચ્ચે સ્થિત છે.

### આ પહેલા આ પુલના કામ પૂર્ણ થયા છે

પાર (વલસાડ જિલ્લો), પૂર્ણા (નવસારી જિલ્લો), મિંઢોળા (નવસારી જિલ્લો), અંબિકા (નવસારી જિલ્લો), ઔરંગા (વલસાડ જિલ્લો), વેંગણિયા (નવસારી જિલ્લો), મોહર (ખેડા જિલ્લો), ધાધર (વડોદરા જિલ્લો), કોલક (વલસાડ જિલ્લો), વાત્રક (ખેડા જિલ્લો), કાવેરી (નવસારી જિલ્લો), ખારેરા (નવસારી જિલ્લો), મેશ્વા (ખેડા જિલ્લો)

**Bridge work on Keem River completed in Ahmedabad-Mumbai Bullet Train Project**

# અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કીમ નદી પર બ્રિજની કામગીરી પૂર્ણ કરવામાં આવી

સુરત, તા.૪

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે વધું એક નદી પર બ્રિજનું કામ પૂર્ણ થયું છે. સુરત અને ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે આવેલ કિમ નદી પરના બ્રિજનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. આ સાથે ગુજરાતમાં બનનારા કીમ નદી પરનો બ્રિજ તૈયાર થઈ ગયો છે. જેની લંબાઈ 120 મીટર છે. પૂલમાં 40 મીટરના ત્રણ સ્પાન લગાવવામાં આવ્યા છે. બ્રિજના થાંભલાની ઉંચાઈ 12 થી 15 મીટર રાખવામાં આવી છે.



21 બ્રિજ માંથી 14 નદીના બ્રિજ તૈયાર થઈ ગયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાતમાં 21 નદીના પુલ તૈયાર કરવામાં આવનાર છે. જેમાંથી ભરૂચ અને સુરત બુલેટ ટ્રેન સ્ટેશનની વચ્ચે કુલ ત્રણ બ્રિજ આવેલા છે જેમાંથી આ એક તૈયાર થયો અને તાપી નદી અને નર્મદા નદી પરના બ્રિજનું કામ કાર્યરત છે.

## કયા નદી પર બ્રિજ અત્યાર સુધીમાં તૈયાર થયા

ગુજરાતમાં બુલેટ ટ્રેન માર્ગ પરના અન્ય પૂર્ણ થયેલા નદી પુલોઃ પાર (વલસાડ જિલ્લો), પુર્ણા (નવસારી જિલ્લો), મિંઢોળા (નવસારી જિલ્લો), અંબિકા (નવસારી જિલ્લો), ઔરંગા (વલસાડ જિલ્લો), વેંગણિયા (નવસારી જિલ્લો), મોહર (ખેડા જિલ્લો), ધાધર (વડોદરા જિલ્લો), કોલક (વલસાડ જિલ્લો), વાત્રક (ખેડા જિલ્લો), કાવેરી (નવસારી જિલ્લો), ખારેરા (નવસારી જિલ્લો) અને મેશ્વા (ખેડા જિલ્લો) છે.

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં ગુજરાતમાં બનનારા ૨૧ નદી બ્રિજ પૈકી ૧૪ બ્રિજની કામગીરી પૂર્ણ

**Bullet train bridge over Keem river ready, 10 bridges built in South Gujarat**

### અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનનું કામ તેજ ગતિએ આગળ ધપી રહ્યું છે

# કીમ નદી પર બુલેટ ટ્રેનનો પુલ તૈયાર દક્ષિણ ગુજરાતમાં 10 પુલ બની ગયા

### 120 મીટર લાંબા પુલમાં 40 મીટરના 3 સ્પાન ગર્ડર લોન્ચ કરાયા

ભાસ્કર ન્યૂઝ | સુરત

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. જિલ્લાના કીમમાં તાપી નદી પરનો પુલ સફળતાપૂર્વક તૈયાર કરી દેવાયો છે. આ પુલની કુલ લંબાઈ 120 મીટર છે, જેમાં 40 મીટરના 3 ફુલ સ્પાન ગર્ડર મૂકવામાં આવ્યા છે. પિયરની ઊંચાઈ 12થી 15 મીટર છે અને દરેક પિયરનો વ્યાસ 4 મીટર જેટલો છે. આ બ્રિજ સુરત અને ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશનોથી 30 કિમી દૂર આવેલો છે. તાપી અને નર્મદા નદીઓ પર પુલ બાંધવાની પ્રક્રિયા પણ હાલમાં ઝડપથી ચાલી રહી છે. અત્યાર સુધીમાં દક્ષિણ ગુજરાતમાં નવસારી જિલ્લામાં પૂર્ણા, મીંઢોળા, અંબિકા, વેંગણિયા, કાવેરી અને ખેરેરા નદી પર તેમજ વલસાડ જિલ્લામાં પાર, ઔરંગા, કોલક નદી પર પુલ બની ગયા છે. આમ આ 10મો પુલ તૈયાર થયો છે.



બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કીમ ખાતે તાપી નદી પર પુલ તૈયાર થઈ ગયો છે.

SANDESH, Surat, 5.4.2025
Page No. 18, Size:(10.32)cms X (10.64)cms.

**Work on 120-meter bridge over Keem River on Mumbai-Ahmedabad Bullet Train route completed**



# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માર્ગે કીમ નદી ઉપરનાં ૧૨૦ મિટર બ્રિજની કામગીરી પૂર્ણ

। કીમ ।

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માર્ગ માટે કીમ નદી ઉપરનાં બ્રિજની કામગીરી પૂર્ણ થઈ છે.

ગુજરાતમાં આ પ્રોજેક્ટ માટે કીમ નદી પરનો બ્રિજ ૧૪મો છે. ગુજરાતમાં નદીઓ પર કુલ ૨૧ પુલોનું નિર્માણ કરાયું છે. કીમ નદી પરના બ્રિજની લંબાઈ ૧૨૦ મીટર છે. જેમાં ૪૦ મીટરનાં ત્રણ સંપૂર્ણ સ્પાન ગર્ડર, ૪ મીટર વ્યાસનાં ચાર ગોળાકાર થાંભલા, સુરત અને ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચેની સ્થિતિ અનુસાર આ બે સ્ટેશનો વચ્ચે તાપી અને નર્મદા નદી પર પુલ હાલ નિર્માણધીન છે. સુરત અને ભરૂચ બુલેટ ટ્રેન સ્ટેશનથી લગભગ ૩૦ કિ.મી. દુર છે. હાલ ગુજરાતમાં બુલેટ ટ્રેન માર્ગ પર પુર્ણા નદી (વલસાડ જીલ્લો), મિંઢોળા નદી (નવસારી જીલ્લો), ઔરંગા નદી (વલસાડ જીલ્લો), વેંગણીયા નદી (નવસારી જીલ્લો), મોહર નદી (ખેડા જીલ્લો), ધાધર નદી (વડોદરા જીલ્લો), કોલક નદી (વલસાડ જીલ્લો), વાત્રક (ખેડા જીલ્લો), કાવેરી (નવસારી જીલ્લો), ખારેરા (નવસારી જીલ્લો), મેશ્વા (ખેડા જીલ્લો)માં પુલો બાદ કીમ નદી ઉપર ૧૫મી માર્ચે પુલની કામગીરી પૂર્ણ થઈ છે.

GUJARAT SAMACHAR, Surat, 5.4.2025
Page No. 5, Size:(2.34)cms X (3.70)cms.

**Bullet Train: Kim River Bridge work completed**

## બુલેટ ટ્રેન : કિમ નદીના પુલની કામગીરી પૂર્ણ

સુરત, શુક્રવાર

મુંબઇ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે સુરત જિલ્લામાં કિમ નદી પરના પુલની કામગીરી પૂર્ણ થઇ છે. સુરત-ભરૂચ વચ્ચે આવેલા આ પુલની લંબાઇ ૧૨૦ મીટર છે અને તેમાં ૪૦ મીટરના ૩ સંપૂર્ણ સ્પાન ગર્ડર છે. ગુજરાતમાં પ્રોજેક્ટ માટે પૂર્ણ થયેલો આ ૧૪મો નદી પુલ છે. ગુજરાતમાં કુલ ૨૧ નદી પુલનું નિર્માણ કરવામાં આવશે. બુલેટ ટ્રેન માટે પૂર્ણ થયેલા પુલ : કોલક, પાર, ઔરંગા (વલસાડ ), પુર્ણા, મિંઢોળા , અંબિકા, વેંગણિયા, કાવેરી, ખારેરા (નવસારી), ધાધર (વડોદરા ), મોહર, વાત્રક, મેશ્વા (ખેડા).